Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# સર સૈયદ અહમદખાનનું સામાજિક-ધાર્મિક સુધારક તરીકે મુલ્યાંકન

**Mayursinh Ranjitsinh Adiol**
Associate Professor (History), Govt. Arts & Commerce College, Gambhoi (S. K.) mail – mayursinhadiol@gmail.com MO - 9737674510

**સારાંશ** : ૧૯ મી સદીને સમયકાળ મુસ્લિમો માટે એકંદરે અલગ મુસ્લિમ કોમવાદી રાજકારણનો સમય બની રહ્યો તેઓ હિંદુઓ કરતાં જુદા પ્રકારની વિચારસરણી ધરાવતા હતા. હિંદુઓની જેમ અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરીને સંસ્થાઓ અને વિચારોને આધુનિક રીતે વિકસિત કરવાનું પણ સ્વીકાર્યું ન હતું. ઉલટાનું મુસ્લિમ વહાબી આંદોલન શરૂ કર્યું હતું. ૧૮૫૭-૫૮ ના વિપ્લવથી તેમની રહી સહી પ્રતિષ્ઠાનો અંત આવ્યો. ૧૮૫૭ ના બળવા પછી અંગ્રેજોની મુસ્લિમ પ્રત્યેની દુશ્મનાવટ વધી આથી મુસ્લિમોનું ભારે પતન થવા પામ્યું. ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં હિંદુ અને મુસ્લિમોમાં આર્થિક અસમાનતા વધતી જતી હતા. આર્થિક વિષમતા માટેનું મૂળ કારણ એ હતું કે મુસ્લિમ ઉચ્ચ વર્ગોએ સમયની માંગ પ્રમાણે કાર્ય નહી કરવાની નીતી અપનાવી હતી. બીજી બાબત એ હતી કે મુસ્લિમોનું ધાર્મિક અને સામાજિક જીવન સંપૂર્ણપણે ધર્મગ્રંથ કુરાન પર આધારિત છે.

હિંદમાં અંગ્રેજી સત્તાના પગલે પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કૃતિનો જે પ્રભાવ હિંદની પ્રજા પર વર્તાયો તેનાથી હિંદની મુસ્લિમ પ્રજામાં પણ પ્રગતિશીલ વિચારસરણી ધરાવતું એક જાગૃત જૂથ અસ્તિત્વમાં આવ્યું હતું. ૧૮૫૭ ના બળવાથી તેમને એ પણ સમજાયું કે મુસ્લિમ પ્રજાએ જે ભૂલો કરી હતી તેથી મુસ્લિમ ઉચ્ચ વર્ગનું પતન થવા પામ્યું હતું. શરૂઆતથી જ મુસ્લિમોએ અંગ્રેજી શિક્ષણ ધર્મ પ્રત્યેની તેમની અંધશ્રદ્ધાને ડગમગાવી મૂકશે. શાહ અબ્દુલ અઝીઝ જેવાઓએ પાશ્ચાત્ય વિરોધી માનસની સામે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. ત્યારબાદ ખાણ અબ્દુલ નવાબ, અબ્દુલ લતિફખાન મંત્રી પદે ૧૮૬૩ માં કલકત્તામાં મોહમેડન લિટરરી સોસાયટી સ્થાપવામાં આવી હતી. આ સંસ્થાએ વલીઉલ્લાહ પ્રેરિત વહાબીઓના જેહાદ ના પ્રચારનો સામનો કર્યો. જેનપૂરના મૌલવી કરામત અલીએ અંગ્રેજ શાસકો સામે 'જેહાદ' પવિત્ર યુદ્ધને નકારતી જાહેરાત કરી. આ બધાને રાજકીય ક્ષેત્રે અંગ્રેજ શાસક વર્ગની સામે જે દુશ્મનાવટ હતી તેને દુર કરવાના પ્રયત્નો કર્યો હતા. પરંતુ હિંદની મુસ્લિમ પ્રજા અંગ્રેજી શિક્ષણ તરફ વળે અને બ્રિટિશ શાસનને મુસ્લિમ પ્રજાનો સાથ સહકાર મળી રહે તે બાબતમાં અસરકારક અલીગઢ આંદોલન શરૂ કરનાર સર સૈયદ અહમદખાન હતા. તેમણે મુસલમાનોમાં પશ્ચિમી શિક્ષણ અને વિચારોનો પ્રસાર થાય એ બાબત પર ભાર મુક્યો અને અલીગઢમાં મુસ્લિમ-કોલેજની સ્થાપના કરી, જે સમય જતાં વિશ્વવિદ્યાલયમાં રૂપાંતરિત થઈ. તેઓ ધાર્મિક ક્ષેત્રે પ્રાચીન સરળતા અને શુદ્ધતા લાવવાના હિમાયતી હતા.[૧]

**ચાવીરૂપ શબ્દો** : સિતારે હિંદ, હદીસ

**સર સૈયદ અહમદખાનની કારકીર્દી** :

સર સૈયદ અહમદખાનનો જન્મ દિલ્હીમાં ૧૮૧૭ માં થયો હતો. માતૃપક્ષે અને પિતૃપક્ષે તેમને મોટો સંસ્કાર વારસો મળ્યો હતો. પિતૃપક્ષે દાદા સૈયદહાદી અને માતૃપક્ષે દાદા ખ્વાજા

ફરીદ મોગલ સમ્રાટોના સમયમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની પ્રત્યે જે વફાદારી પ્રદર્શિત કરી તેને લીધે કંપની એ તેમને સિતારે હિંદ નો ઈલ્કાબ આપ્યો.[૨] લખનઉમાં તેમણે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓ ગણિત શાસ્ત્ર અને જ્યોતિષ ખગોળશાસ્ત્રમાં પારંગત હતા. બ્રિટીશ રાજદૂત તરીકે ઈરાન અને બર્માંમાં સેવાઓ આપી હતી. સમ્રાટ અકબરશાહ બીજાના મુખ્યમંત્રી તરીકે બેવાર તેમની નિમણુંક થઈ હતી. આ રીતે તેઓ મધ્યયુગ અને આધુનિક યુગના પ્રવાહોથી વાકેફ બન્યા હતા. લગભગ ૨૦ વર્ષની ઉંમરે તેમણે કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૮૫૭ ના બળવા સમયે બીજનોરમાં સદર અમીનના હોદ્ધા પર હતા. The cause of Indian Revolt તથા Loyal Mohammadans of India નામના પુસ્તકો લખીને અંગ્રેજો અને મુસ્લિમો વચ્ચે સદભાવના ઊભી કરવામાં તેમણે મોટો ફાળો આપ્યો.[૩] ૧૮૭૪ માં 'અલીગઢ કોલેજ' ની શરૂઆત કરી જે આજે મુસ્લિમ યુનિવર્સિટી તરીકે જાણીતી બની છે.

**સુધારણા પ્રવૃત્તિ અને સરકારની નીતિમાં પરિવર્તન :**

સર સૈયદ અહમદે એક સાથે બે મહત્વના પગલા ભરવાની શરૂઆત કરી. (૧) બ્રિટીશ સરકાર અને મુસ્લિમો વચ્ચે ઊભી થયેલી કડવાશ અને દુશ્મનાવટને દુર કરી ફરી એકવાર બંન્ને વચ્ચે એકરાગીતા સ્થાપવાના પ્રયત્નો શરૂ કર્યા., (૨) સૈયદ અહમદે કરેલી વિનંતી અંગ્રેજોને એ રીતે મનાવી લેવાનો પ્રયત્ન કર્યો કે મુસ્લિમો દિલથી અંગ્રેજોના વિરોધી કે દુશ્મન નથી.

મુસ્લિમ કોમ પ્રત્યે દયાભાવથી જોવાની સર સૈયદ અહમદે કરેલી વિનંતી અંગ્રેજ સરકાર માટે યોગ્ય સમયની હતી. સામ્રાજ્યવાદી સત્તાઓની જેમ અંગ્રેજોએ પણ હિંદ પર બ્રિટીશ શાસન સ્થાપવા માટે "ભાગલા પાડો અને રાજ કરો" (Divide and rule) ની નીતિ અપનાવી હતી. હવે હિંદુઓ અંગ્રેજોના તેમના પ્રત્યેના પક્ષપાતને કારણે વધારે મજબુત અને જાગૃત બની ગયા હતા. તેઓ રાજકીય સુધારા અને હકોની વાતો કરવા લાગ્યા હતા.

મુસ્લિમો પ્રત્યે અંગ્રેજ સરકારનું પ્રતિકુળ વલણ બદલવામાં વિલિયમ હન્ટરનું ૧૮૭૧ માં પ્રસિદ્ધ થયેલું પુસ્તક 'ધ ઈન્ડિયન મુસલમાન્સ' જવાબદાર હતું. આ ઉપરાંત ડબલ્યુ. એસ. બ્લેટના પ્રકાશિત થયેલા બે પુસ્તકો 'સીક્રેટ હિસ્ટ્રી ઓફ ધ ઇંગ્લીશ' અને 'ધ ફ્યુચર ઓફ ઈસ્લામ' માં મુસ્લિમ પ્રજાને થયેલા અન્યાયોની સ્પષ્ટ વિગતો આપીને અંગ્રેજોની મુસ્લિમો પ્રત્યેની નીતિની કડક ટીકા કરવામાં આવી છે. સર સૈયદ અહમદે મુસ્લિમ સામાજિક સ્થિતિની સુધારણા માટે એક આંદોલન શરૂ કર્યું તેઓ મુસ્લિમોની બદલાયેલી પરિસ્થિતિથી સભાન બનવા માંગતા હતા. તેથી ડિસેમ્બર ૧૮૭૦ માં તેમણે 'તહજિબ-ઉલ-અખલાક' નામની પત્રિકા પ્રગટ કરવાની શરૂઆત કરી.[૪]

**સામાજિક અને ધાર્મિક સુધારણાના ખ્યાલો :**

તેમનું માનવું હતું કે પશ્ચિમી શિક્ષણ પશ્ચિમી રાજનીતિ તથા વૈજ્ઞાનિક વિચારોનો સ્વીકાર કરવામાં આવે તો જ મુસ્લિમ સમાજનું ભલું થઈ શકશે. સામાજિક કાર્યકર તરીકે તેઓ મુસ્લિમ સમાજ માટે ઉદાર નિતિના સમર્થક હતા. તેમણે ઓઝલ પ્રથા, અનેક લગ્ન પ્રથા, અને ગુલામ પ્રથાનો વિરોધ કર્યો. તથા સ્ત્રી શિક્ષણ અને વિદેશયાત્રાને ટેકો આપ્યો હતો. મુસલમાનોમાં સમાજ સુધારણાની ભાવના જાગૃત થાય એ માટે તેમણે મોહમેડન એજ્યુકેશન કોંગ્રેસની સ્થાપના કરી હતી.[૫]

સર સૈયદ અહમદે કુરાનના સિદ્ધાંતો અને મહમદ પયંગમ્બર સાહેબના ઉપદેશો શાશ્વત અને અપરિવર્તનશીલ માનતા તેમણે કુરાનનો અર્થ સમજાવવા વ્યાખ્યા કરવા પર ખાસ ભાર મૂક્યો છે. તેવી રીતે હદીસનો સાચો અર્થ સમજવા માટે પણ એ ધ્યાનમાં લેવું જોઈએ કે તે ન તો કુરાનથી વિરુદ્ધ કે ન તો, ઈસ્લામથી વિરુદ્ધ પરંતુ સૈયદે ધર્મના આધારોને વૈજ્ઞાનિક આક્ષેપોથી સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કર્યો. હિંદુ મુસ્લિમ વચ્ચે મનમેળ કરવવા તે હંમેશા પ્રયત્નશીલ રહેતા આ માટે તેમણે ભારતના વિવિધ ભાગોમાં વ્યાખ્યાનો આપેલા તે હિંદુ મુસ્લિમને ભારત માતાની બે આંખો ગણતા.

**સૈયદ અહમદખાનની શૈક્ષણિક પ્રવૃત્તિઓ** :

સર સૈયદ અહમદખાને અંગ્રેજી શિક્ષણ દ્વારા પ્રાપ્ત પાશ્ચાત્ય જ્ઞાનને મુસ્લિમોના બધા જ પ્રકારના વિકાસના પાયા તરીકે ગણાવ્યું હતું. સૈયદ અહમદે ગાઝીપુરમાં અંગ્રેજી શાખા શરૂ કરી. ૧૮૬૪ માં ટ્રાન્સલેશન (સાયન્ટીફીક) સોસાયટી ની સ્થાપના કરી જેનો મુખ્ય હેતુ આધારભૂત અંગ્રેજી પુસ્તકોનું ઉર્દુમાં ભાષાંતર કરવાનો હતો.[૬] ઉદારમતવાદી વિચારોના પ્રસાર માટે મુસ્લિમો પ્રગતશીલ બને તે માટે દ્વિભાષી સામયિક પ્રગટ કર્યું. ૧૮૬૯ માં અહમદખાને ઈંગ્લેન્ડની મુલાકાત લીધી અને ત્યાંની અંગ્રેજી શૈક્ષણિક સંસ્થાઓનો જાતે અનુભવ કર્યો.

તેમણે ૧૮૭૫ માં અલીગઢ ખાતે એક મુસ્લિમ એંગ્લો ઓરિએન્ટલ સ્કૂલની સ્થાપના કરી. રાણો વિક્ટોરિયા એ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. જ્યાં પાશ્વાત્ય વિષય તથા વિજ્ઞાન અને મુસ્લિમ ધર્મ એમ બંન્નેનું શિક્ષણ આપવામાં આવે છે. એ છોડ આગળ વધીને ૧૯૨૦ માં અલીગઢ વિશ્વવિદ્યાલયના રૂપમાં પ્રકાશિત થઈ હતી.[૭]

૧૯ મી સદીમાં મુસ્લિમોમાં અંગ્રેજી શિક્ષણ પુરુષો પુરતું જ મર્યાદિત હતું. સર સૈયદ આવું શિક્ષણ સ્ત્રીઓ માટે જરૂરી માનતા ન હતા. આ ઉપરાંત તેઓ સ્ત્રીઓમાં પડદાપ્રથા સમર્થક હતા. સ્ત્રીઓની શિક્ષા તેઓ એ પ્રકારની ઈચ્છતા હતા જેના વડે તેઓ કુશળ માતાઓ અને ગૃહિણીઓ બની શકે. મુસ્લિમ કોમમાં સામાજિક ઉન્નતિ તથા પાશ્વાત્ય સંસ્કૃતિ પ્રત્યેનો અભિગમ અપનાવવા માટે અલીગઢ આંદોલન જ મુખ્ય આંદોલન હતું. આ આંદોલન મુસ્લિમ મહિલાઓને માટે શિક્ષણ અને જીવન પદ્ધતિ બદલવાના પક્ષમાં ન હતું.

સર સૈયદખાને શરૂ કરેલું અલીગઢ આંદોલન એક રીતે મુસ્લિમોના રાજકીય વિકાસ માટેનું મહત્વનું અને મુખ્ય કેન્દ્ર બન્યું હતું. તેનું સ્વરૂપ ચોક્કસ રીતે કોંગ્રેસ વિરોધી અને હિંદુ વિરોધી હતું. તેમના શરૂઆતના વિચારો અને અભિપ્રાયો કોમવાદી પૂર્વગ્રહથી મુક્ત હતા. ૧૮૮૪ માં તેમણે આપેલા ભાષણમાં જણાવ્યું કે 'એ યાદ રાખે કે હિંદુ અને મુસલમાનો શબ્દો માત્ર ધાર્મિક તફાવત બતાવનારા શબ્દો છે. અન્યથા આ દેશોમાં રહેલા હિંદુ, મુસ્લિમ કે ખ્રિસ્તી એક જ રાષ્ટ્રના સંતાનો છે.'

આવી જ રીતે તેમણે પંજાબ તથા બંગાળામાં પણ પોતાના પ્રવચનો આપ્યા હતા. હિંદુમાં અને ઈંગ્લેન્ડમાં I.C.S. ની સમાંતર ધોરણે પરિક્ષાઓ લેવાય તેવા સુરેન્દ્રનાથ બેનર્જીના વિચારો ને તેમણે ટેકો આપ્યો હતો. ૧૮૮૪ માં તેમણે હિંદુ અને મુસ્લિમોને એક રાષ્ટ્રના સંતાન તરીકે વર્ણવ્યા હતા. પશ્ચિમના શિક્ષણથી પ્રભાવિત થયેલા ઘણા ભારતીય નેતાઓ હવે ૧૮૭૦ પછી ભારતમાં પ્રજાતંત્રની સ્થાપનાથી બૌદ્ધિક સ્થળે ચર્ચા કરી રહ્યા હતા. ત્યારે સર સૈયદને પ્રજાતંત્રની સંભાવના તર્કસંગત લાગી નહિ. હિંદમાં પ્રજાતંત્રની સ્થાપના તેમને આપત્તિજનક

લાગી. કોંગ્રેસ પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતી સરકારે માંગણી મૂકી ત્યારે આ માગણી મુસ્લિમોના હિતોની વિરોધી તરીકે તેમણે જણાવી હતી. આ બદલાયેલી વિચારસરણી માટે અલીગઢ કોલેજના પ્રિન્સિપાલ થિયોડોર બેકને જવાબદાર ગણે છે. પરંતુ તે ભૂલભરેલો છે. કારણ કે સર સૈયદે જાતે જ વિરોધ કરવાની પહેલ કરી હતી.

૧૮૮૮ માં સર સૈયદ 'યુનાઈટેડ ઈન્ડિયા પેટ્રીયોટિક એસોસિયેશન' ની સ્થાપના કરી હતી. બનારસના રાજા શિવપ્રસાદે આ સંસ્થાને ટેકો આપ્યો હતો. જેનો ઉદ્દેશ બ્રિટીશ સરકારને જાણ કરવાનો હતો કે ભારતમાં ઘણા હિંદુઓ અને મુસલમાનો કોંગ્રેસના સમર્થક નથી. ૧૮૯૩ માં તેમણે 'મોહમેડન ડિફેન્સ એસોશિયએશન ઓફ અપર ઈન્ડિયા' ની સ્થાપના કરી. અને તેના મંત્રી તરીકે તેઓ અને બેંક હતા.[૮]

અલીગઢ આંદોલનના નેતાઓ હિંદી ઉર્દુ વાદ-વિવાદને પણ રાજકીય દ્રષ્ટિએ જોવાનો પ્રયત્ન કર્યો. તેમના મતે ઉર્દુના સ્થાને હિંદીનું ચલણ વધશે તો મુસ્લિમો માટે નોકરીની તકો જે છે તે પણ ઓછી થઈ જશે. સર સૈયદ અહમદે મુસ્લિમો ઉર્દૂને બદલે અંગ્રેજી ભાષા શીખે તેના પર વધારે ભાર મુક્યો.

**સર સૈયદ અહમદ અને અલીગઢ આંદોલન** :

આ આંદોલન મૂળ એ મુસ્લિમો ના ઉત્થાન અને જાગૃત્તિ માટે શરૂ કરાયેલું આંદોલન હતું. મુસ્લિમો માટે આ આંદોલનો પુનઃજાગૃત્તિ માટેનું આદોલન હતું. ૧૮૫૭ ના બળવા પછી નિરાશાના ઊંડા કાદવમાં ખૂંપી ગયેલી મુસ્લિમ કોમને બહાર કાઢીને મધ્યયુગમાંથી આધુનિક યુગમાં લઈ જવા માટેનો આ એક પુરુષાર્થ હતો. સર સૈયદ અહમદખાન પોતાની કોમને ખૂબ સારી સમજી શક્યા હતા. હિંદુઓ માટે રાજા રામ મોહનરાયે જે કર્યું. તે મુસ્લિમ કોમ માટે સર સૈયદ અહમદખાને કર્યું. મુસ્લિમ પ્રજા અંગ્રેજી શિક્ષણ પ્રત્યે આકર્ષાય તે માટેથી ભગીરથ પ્રયત્નો તેમણે કર્યો. આ ઉપરાંત મુસ્લિમ ધર્મ અને સમાજમાં સુધારણા લાવવા માટે તેમણે રૂઢિચુસ્ત મુસ્લિમ નેતાઓ અને મોલવીઓનો સખત સામનો કરવો પડ્યો. તેમણે કહ્યું હતું કે મુસ્લિમ પ્રજા જ્યાં સુધી ભૂતકાળના આળસનું માનસ ત્યજી નહિ દે અને અંગ્રેજી શિક્ષણ તથા પાશ્ચાત્ય બુદ્ધિવાદને હિંદુઓની જેમ નહિ અપનાવે ત્યાં સુધી તેમનો સાચો વિકાસ સંભવિત નથી. મુસ્લિમોને લાગે વળગે ત્યાં સુધી તેમને રાજકારણમાંથી દુર કરવાનો પ્રયત્ન કર્યો હતો. મુસ્લિમ પ્રજાને તેમણે પાશ્ચાત્ય શિક્ષણ માટે યુદ્ધના ધોરણે પ્રવૃત્તિ શરૂ કરી હતી. ત્યારે ૧૮૫૨ માં હિંદુસ્નાતકોની સામે માત્ર ૨૬ મુસ્લિમ સ્નાતકો હતા. અંગ્રેજ પ્રત્યેની તેમની વફાદારી જન્મજાત અને સહજ હતી. ૧૮૫૭ ના બળવાના ભયજનક પરિણામોના તેઓ સાક્ષી હતા. તેથી બ્રિટીશ સરકારનો કોઈપણ રીતે વિરોધ કરવાનો સમય હજી પાક્યો નથી. એમ તેઓ સમજતા હતા. તેમને ભય હતો કે મુસ્લિમો કોંગ્રેસની જેમ વિનંતીઓ, અરજીઓ કે ઠરાવો કરીને વિરોધ કરશે નહિ પરંતુ ક્રાંતિ કે બળવાઓનું વલણ અપનાવશે જેનું પરિણામ કદાચ વહાબી આંદોલનો કે ૧૮૫૭ ના સિપાઈઓના બળવા જેવું આવે તેમની દ્રષ્ટિએ મુસ્લિમો માટે ખૂબ ભયાનક સાબિત બની શકે.

સર સૈયદખાનને માટે અર્થશાસ્ત્ર અને રાજકારણ એકબીજા સાથે સંબંધિત અને આધારિત હતા. તેમણે જોયું કે મુસ્લિમો એક કોમ કે પ્રજા તરીકે આર્થિક દ્રષ્ટિએ નીચે તળિયે જઈને બેઠી હતી. તેથી સરકાર સામે સહકાર વધારવાનું તેમને માટે ઘણું તાકિદનું અને

ફરજિયાત બની જવા પામ્યું હતું. તેમના આ અભિગમ અને નીતિથી નિશંક પણે હિંદની બન્ને મહાન કોમો વચ્ચે અંતર વધી જવા પામ્યું હતું. કે તેઓ હિંદુ વિરોધી કરતા મુસ્લિમ તરફી વધારે હતા. મહાન રોમન બ્રુટસની જેમ તેઓ પણ કહી શક્યા હોત કે તેઓ હિદુઓને ઓછા ચાહતા હતા. પરંતુ મુસ્લિમોને વધારે ચાહતા હતા. ટૂંકમાં તેમના જીવનનો એક અને માત્ર એક જ ઉદ્ધેશ, ગમે તે રીતે મુસ્લિમોના હિતોને વધારવાનો હતો.

આમ, સર સૈયદ અહમદખાને શરૂ કરેલું અલીગઢ આંદોલન એ રીતે મુસ્લિમોનું રાજકીય વિકાસ માટેનું મહત્વનું અને મુખ્ય કેન્દ્ર બન્યું હતું. તેનું વિકાસ પામેલું અંતિમ સ્વરૂપ ચોક્કસ રીતે કોંગ્રેસ વિરોધી અને હિંદુ વિરોધી હતું.[૯]

**સમાપન** :

સર સૈયદ શરૂઆતમાં હિંદુ મુસ્લિમ એકતાના પ્રતિક તરીકે ઉપસી આવતા હતા. તેમના મત પ્રમાણે હિંદુ-મુસ્લિમ એકબીજા સાથે હળીમળીને રહે તે વાત અશક્ય હતી. આમ છતાં પણ તેઓ ઉચ્ચ કોટિના નેતા બુદ્ધિશાળી તથા સમાજ સુધારક હતા. તેમણે મુસ્લિમ સમાજમાં જાગૃત્તિ લાવવાનું કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૮૯૮ માં તેમનું અવસાન થયું હતું.[૧૦]

**પાદનોંધ** :

(૧) પરીખ પ્રવિણચંદ્ર "ભારતીય સંસ્કૃતિ : સ્વરૂપ અને વિકાસ" યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૧. પૃ. ૧૯૩.

(૨) ઝાલા ધર્મેન્દ્રસિંહ દિલાવરસિંહ, "આધુનિક રાજકીય ચિંતકો", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પ્રથમ આવૃત્તિ-૧૯૯૨, પૃ. ૮૨.

(૩) એજન, પૃ. ૮૩.

(૪) શેઠ સુરેશભાઈ ચી., "ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો", ગ્રંથ નિર્માણ બોર્ડ, દ્વિતિય આવૃત્તિ-૧૯૯૯, પૃ.૧૨૩.

(૫) પૂર્વોક્ત, ઝાલા ધર્મેન્દ્રસિંહ દિલાવરસિંહ, પૃ. ૮૫.

(૬) "હિંદનો રાષ્ટ્રીય ચળવળનો ઈતિહાસ"., ૧૮૫૭ થી ૧૯૪૭, ભારત ઈન્સ્ટીટયુટ અમદાવાદ, પૃ. ૪૭.

(૭) ग्रायर. बी. एल. "आधुनिक मारत का इतिहास", एच चन्द्र एण्ड कम्पनी लि, नई दिल्ली, पुन:मुद्रित-२०१० पृ. २७८-२७९.

(૮) પૂર્વોક્ત, ઝાલા ધર્મેન્દ્રસિંહ દિલાવરસિંહ, પૃ. ૮૪-૮૫.

(૯) પૂર્વોક્ત, શેઠ સુરેશભાઈ ચી. પૃ. ૧૨૪-૧૨૭.

(૧૦) એજન, પૃ. ૧૩૦.